**ડુપ્લિકેટ સર્વિસબુક અધિકૃત કરવાની સત્તા**
**વિભાગના વહીવટી વડા ને આપવા બાબત......**

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક –એસડીજે -૧૦૨૦૦૮-૮૧૦-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ- ૨૪/૦૯/૨૦૦૮.

સંદર્ભ -(૧) ના. વિ. નો તારીખ -૦૩-૦૩-૧૯૯૮નો ઠરાવ ક્રમાંક એસડીજે-૧૦૯૭/ ૮૦૭/ર.
(૨) ના. વિ. નો તારીખ -૧૭-૧૨-૨૦૦૨નો પરિપત્ર ક્રમાંકઃ એસ.ડી.જે- ૧૦૨૦૦૨/૧૯૦૬/ચ.

## ઠરાવ-

૧ સરકારી અધિકારી /કર્મચારીઓની અસલ સેવાપોથીની કાળજીપૂર્વકની નિભાવણી કરવા બાબતની સૂચનાઓ, ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમ, ૨૦૦૨ ના પ્રકરણ ૪, નિયમ ૩૭ થી ૫૦ ની જોગવાઈ મુજબ તેમજ નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) ઉપરના તારીખ-૦૩-૦૩-૧૯૯૮ના ઠરાવથી આપવામાં આવેલ છે. ક્રમાંકઃ(૨) ઉપરના તારીખ -૧૭-૧૨-૨૦૦૨ના પરિપત્રથી અધિકારી /કર્મચારીની અસલ સર્વિસબુક ખોવાઈ જવાના, ગુમ થવાના, ચોરાઇ જવાના કે નાશ પામવાના બનાવો બને તે સંજોગોમાં ડુપ્લિકેટ સેવાપોથી તૈયાર કરીને તેને અધિકૃત કરવા માટેની દરખાસ્તો વિભાગો દ્વારા નાણા વિભાગ સમક્ષ રજુ કરવામાં આવે ત્યારે આ પરિપત્ર સાથેના ચેકલીસ્ટ મુજબ જરૂરી વિગતો આપવાની હોય છે. ચેકલીસ્ટ મુજબની વિગતો સાથે રજુ કરવામાં આવતી દરખાસ્તની ચકાસણી કરી ડુપ્લિકેટ સેવાપોથીને અસલ સેવાપોથી તરીકે માન્યતા આપવાની કામગીરી હાલમાં નાણા વિભાગ દ્વારા કરવામાં આવે છે.

૨. અધિકારી/કર્મચારીની ડુપ્લિકેટ સેવાપોથી તૈયાર કરીને તેને અધિકૃત ગણવાની અનેક દરખાસ્તો નાણા વિભાગ સમક્ષ જુદા જુદા વિભાગ/કચેરી દ્વારા રજુ કરવામાં આવતી હોય છે. નાણા વિભાગ દ્વારા સેવાપોથીની જાળવણી માટેની સૂચનાઓ છે. તથા ડુપ્લિકેટ સેવાપોથીને અસલ તરીકેની માન્યતા આપવા માટે ચેકલિસ્ટ નિયત કરાયેલ છે. આ ચેકલીસ્ટને આધારે ડુપ્લિકેટ સેવાપોથીને માન્યતા આપવાની વહીવટી કામગીરી પૂરતું નાણા વિભાગનો પરામર્શ કરવાના સ્થાને વહીવટી વિભાગના સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી જ અનુમતિ આપી શકે તે મુજબ જોગવાઈ કરવાની બાબત વિચારણામાં હતી.

૩. આથી પુખ્ત વિચારણાના અંતે એવું ઠરાવવામાં આવે છે કે, સરકારી કર્મચારી/ અધિકારીની અસલ સેવાપોથી ખોવાઈ જવાના, ગુમ થવાના, ચોરાઇ જવાના કે કોઇ કારણસર નાશ પામે તે સંજોગોમાં તથા અન્ય કારણોસર ડુપ્લિકેટ સેવાપોથી ને અસલ સેવાપોથી તરીકે માન્યતા આપવાની હોય ત્યારે જે તે વહીવટી વિભાગના સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી ને ડુપ્લિકેટ સેવાપોથી ને માન્યતા આપવાની સત્તા આપવામાં આવે છે. આવી

માન્યતા નાણા વિભાગના વખતો વખત ના ઠરાવો/ હુકમો / પરિપત્રમાં સૂચનાઓ તથા નાણા વિભાગના પરિપત્ર ક્રમાંક-એસડીજે/૧૦૨૦૦૨/૧૯૦૬/ચ સાથે સામેલ ચેકલીસ્ટની તમામ જોગવાઈ સંતોષાય છે કે કેમ તે અંગેની ચકાસણી કરી મંજૂરી આપવાની રહેશે. આ મુજબ કરાયેલ હુકમ/મંજુરીની નકલ નાણા વિભાગને અવશ્ય મોકલવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શ્રીદેવી શુક્લ)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવ શ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રીઓ /રાજયકક્ષા ના મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
  માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવ શ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવ શ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવ શ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવ શ્રી, ગુજરાત તકેદારી અયોગ, ગાંધીનગર.
- સચિવ શ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવ શ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલય ના સર્વે વિભાગો./સર્વે ખાતાના વડાઓ/સર્વે કચેરીઓ.ના વડાઓ.
  એકાઉન્ટટ જનરલ શ્રી(ઓડિટ-૧),ગુજરાત રાજ્ય, અમદાવાદ.
  એકાઉન્ટટ જનરલ શ્રી(ઓડિટ-૨),ગુજરાત રાજ્ય, રાજકોટ
  એકાઉન્ટટ જનરલ શ્રી(એ એન્ડ ઇ),ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
  સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  નિરીક્ષક શ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જિલ્લા સહાયક નિરીક્ષક.
  પગાર અને હિસાબ અધિકારી શ્રી, અમદાવાદ/ગાંધીનગર.
  પગાર અને હિસાબ અધિકારી શ્રી, સ.સ.ન.નિગમ.લિ. વડોદરા/ગાંધીનગર.
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
  નિવાસી તપાસણી અધિકારી શ્રી, અમદાવાદ/ગાંધીનગર.
  સર્વે બોર્ડ/નિગમ/યુનિવર્સિટી /રાજ્ય સરકારના જાહેર સાહસો.
  નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ./નાણા સલાહકારશ્રીઓ.
  સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબ સાઇટ ઉપર મૂકવા સારૂં.
  પસંદગી ફાઇલ, ચ-શાખા.

<u>પત્ર દ્વારા.</u>